# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

1) SC, ST અને મહિલા ઉદ્યોગ સાહસિકોને વધુ લાભ આપવા સ્ટૅન્ડ-અપ ઇન્ડિયા યોજનાની નવી આવૃત્તિ શરૂ કરાશે – લોકસભામાં નાણામંત્રીનું નિવેદન.

2) ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં મુખ્યસચિવ સહિત વરિષ્ઠ અધિકારીઓની બદલી કરી.

3) ઓડિશામાં કટકની SCB હૉસ્પિટલમાં આગ લાગતા 10 દર્દીના મોત – રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રતિ અને પ્રધાનમંત્રીએ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું.

4) આંતરરાષ્ટ્રીય ઉર્જા સંસ્થાએ તેમના સભ્ય દેશ કટોકટી ભંડારમાંથી મોટા પ્રમાણમાં તેલ આપશે તેવી જાહેરાત કરી.

5) ગુજરાતમાં રમાયેલી ગૉલ્ફ સ્પર્ધામાં ભારતીય ખેલાડી સપ્તક તલવારે અંતિમ રાઉન્ડમાં બે ભવ્ય સ્કોર બનાવીને ખિતાબ જીત્યો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# LS SITHARAMAN

સરકાર દેશભરના અનુસૂચિત જાતિ - SC, અનુસૂચિત જનજાતિ - ST અને મહિલા ઉદ્યોગસાહસિકોને વધુ લાભ આપવા સ્ટૅન્ડ-અપ ઇન્ડિયા યોજનાનું સુધારેલી આવૃત્તિ શરૂ કરશે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, ઍપ્રિલ 2016માં શરૂ કરાયેલી સ્ટૅન્ડ-અપ ઇન્ડિયા યોજના ગયા વર્ષે માર્ચમાં સમાપ્ત થઈ ગઈ હતી. તેમણે કહ્યું, નીતિ આયોગ અને અન્ય વિભાગ દ્વારા આ યોજનાનો અભ્યાસ કરાયો અને લાભાર્થીઓને વધુ લાભ આપવા તેને ફરીથી તૈયાર કરવામાં આવી રહી છે.

સ્ટૅન્ડ-અપ ઇન્ડિયા યોજનાનો ઉદ્દેશ SC અથવા ST વર્ગના ધિરાણ લેનારા લોકોને 10 લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયા સુધીનું બૅન્ક ધિરાણ અને તમામ અનુસૂચિત વાણિજ્યિક બૅન્કની બૅન્ક શાખા-દીઠ ઓછામાં ઓછી એક મહિલા લોન લેનારને સુવિધા આપવાનો હતો.

# RS KIREN RIJIJU

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું, તૃણમૂલ કૉંગ્રેસ અને કૉંગ્રેસ પક્ષને બંધારણીય એકમને નિશાન બનાવવાની ટેવ છે અને તેમના બંધારણીય અધિકારોને લગતા મુદ્દાઓને સરકાર કે સંસદ સાથે કોઈ લેવાદેવા નથી.

શ્રી રિજિજૂએ આ ટિપ્પણી રાજ્યસભામાં વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચ દ્વારા વરિષ્ઠ અધિકારીઓની બદલી અંગે થયેલી ચર્ચા દરમિયાન તૃણમૂલ કૉન્ગ્રેસના વૉકઆઉટ બાદ કરી હતી.

પંચના નિર્ણયનો બચાવ કરતા શ્રી રિજિજૂએ કહ્યું, ઉઠાવવામાં આવેલો આ મામલો એક બંધારણીય એકમ સાથે સંબંધિત છે અને તેના નિર્ણયોમાં સરકાર કે સંસદની કોઈ ભૂમિકા નથી.

# FUR.-REV.-ECI-WB-TRANSFERS

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં તાત્કાલિક અસરથી ચાર વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બદલી કરી છે. પંચે રાજ્યના પોલીસ મહાનિર્દેશક, સુધારાત્મક સેવાઓના મહાનિર્દેશક, કાયદો અને વ્યવસ્થાના અધિક મહાનિર્દેશક અને કોલકાતા પોલીસ કમિશનરની બદલીનો આદેશ આપ્યો છે. પંચે વર્ષ ૧૯૯૨ બેચના IPS અધિકારી સિદ્ધનાથ ગુપ્તાને રાજ્યના નવા પોલીસ મહાનિર્દેશક તરીકે નિયુક્ત કર્યા છે. ૧૯૯૬ બેચના IPS અધિકારી અજય કુમાર નંદાને કોલકાતા પોલીસ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૯૯૧ બેચના IPS અધિકારી એન. રમેશ બાબુને સુધારાત્મક સેવાઓના મહાનિર્દેશક તરીકે અને ૧૯૯૫ બેચના IPS અધિકારી અજય મુકુંદ રાનાડેને કાયદો અને વ્યવસ્થાના અધિક મહાનિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# ED - WB

પ્રવર્તન નિદેશાલય- EDએ પશ્ચિમ બંગાળમાં સિલિગુડી, હાવડા, બિધાનનગર, દુર્ગાપુર સહિત 10 સ્થળોએ તપાસ અભિયાન હાથ ધર્યું છે. મળતા અહેવાલ મુજબ ગેરકાયદેસર કોલ સેન્ટર નેટવર્ક સાથે જોડાયેલા સુભજીત ચક્રવર્તી, સમ્રાટ ઘોષ અને સુરશ્રી કર સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# RS ELECTION

બિહારની પાંચ, ઓડિશામાં ચાર અને હરિયાણામાં બે એમ કુલ 11 રાજ્યસભા બેઠક માટે આજે મતદાન થઈ રહ્યું છે.. અગાઉ 26 સભ્યો પહેલાથી બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. ચૂંટણી પંચે 10 રાજ્યમાં રાજ્યસભાની 37 બેઠકની દ્વિવાર્ષિક ચૂંટણી માટે ગયા મહિને જાહેરનામું બહાર પાડ્યું હતું.

# SHAH- MATUA MELA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મતુઆ ધર્મ મેળા નિમિત્તે મતુઆ સમુદાયના લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. સમાજને ભક્તિ, સમાનતા અને નૈતિક મૂલ્યોનું શિક્ષણ આપનારા હરિચંદ ઠાકુરની 125મી જન્મજયંતિ નિમિત્તે આ મેળો યોજાઇ રહ્યો છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે હરિચંદ ઠાકુરના મૂલ્યો આજે પણ આપણાં માટે માર્ગદર્શક સિદ્ધાંત છે. તેમણે પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણામાં યોજાતો મેળો આ સિદ્ધાંતો પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે તેવી આશા પણ વ્યક્ત કરી.

# JAISHANKAR CYPRUS FM

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે બ્રસેલ્સમાં સાયપ્રસના વિદેશ મંત્રી કૉન્સ્ટેન્ટિનોસ કોમ્બોસ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી જયશંકરે કહ્યું, બંને નેતાએ વ્યૂહાત્મક ભાગીદારી વધારવાના ઉકેલ અને પશ્ચિમ એશિયાની સ્થિતિ પર વાતચીત કરી. તેમણે યુરોપિયન સંઘ અને ભારતના સંબંધને મજબૂત કરવામાં સાયપ્રસના સહકાર અને સમર્થનની પણ પ્રશંસા કરી હતી.

# REV CUTTACK MEDICAL FIRE

ઓડિશામાં કટકની S.C.B. મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલના I.C.U.માં સવારે આગ લાગતા 10 દર્દીના મોત થયાના અહેવાલ છે. દર્દીઓને બચાવવામાં હૉસ્પિટલના અંદાજે 11 કર્મચારી પણ દાઝી ગયા હતા. સવારે ત્રણ વાગ્યે ટ્રૉમા કેયર વિભાગના પહેલા માળે શૉર્ટસર્કિટના કારણે આ આગ લાગી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

મુખ્યમંત્રી મોહનચરણ માંઝી અને ઓડિશાના આરોગ્ય મંત્રી મુકેશ મહાલિન્ગે ઘટનાસ્થળે પહોંચી સ્થિતિની સમીક્ષા કરી. દરમિયાન મૃતકના પરિવારજનોને 25-25 લાખ રૂપિયાની રકમ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે ઉંડો શોક વ્યક્ત કર્યો છે.

શ્રી મોદીએ દરેક મૃતકના પરિવારજન માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે-બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50-50 હજાર રૂપિયાની રકમ આપવાની પણ જાહેરાત કરી છે.

# ARUNACHAL--RARE-PLANT

અરુણાચલ પ્રદેશમાં જોવા મળતી દુર્લભ વનસ્પતિ પ્રજાતિ હેન્કેલિયા મોનોફિલા લોહિત જિલ્લામાં અંદાજે 189 વર્ષ પછી ફરી શોધવામાં આવી. ભારતીય વનસ્પતિ સર્વેક્ષણ દ્વારા કરાયેલી આ શોધ અંગે મુખ્યમંત્રી પેમા ખાંડૂએ સોશિયલ મીડિયાના સંદેશમાં માહિતી આપી. તેમણે કહ્યું, આ શોધ રાજ્યની અસાધારણ જૈવવિવિધતા અને પર્યાવરણીય ખજાનાને પ્રતિબિંબિત કરે છે.

# REV IEA OIL RELEASE

આંતરરાષ્ટ્રીય ઉર્જા સંસ્થાએ જણાવ્યું, તેમના સભ્ય દેશ વૈશ્વિક કટોકટીનો સામનો કરવા તેમના કટોકટી ભંડારમાંથી તેલનો મોટો જથ્થો આપશે. સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું, એશિયા અને ઓશેનિયા દેશ તાત્કાલિક તેલ આપવાનું શરૂ કરશે. જ્યારે યુરોપ અને અમેરિકાના ભંડારમાંથી આ મહિનાના અંત સુધીમાં પૂરવઠો અપાશે.

દરમિયાન અમેરિકાના ઉર્જામંત્રી ક્રિસ રાઇટે ઇરાન સાથેનો સંઘર્ષ આગામી કેટલાક સપ્તાહમાં પૂર્ણ થવાની આશા વ્યક્ત કરી છે.

(VC: ANAND KUMAR)

# AHMEDABAD GOLF

અમદાવાદમાં રમાયેલી ઇન્ડોરમા વેન્ચર્સ ઓપન ગૉલ્ફ ચેમ્પિયનશિપમાં ભારતીય ગોલ્ફર સપ્તક તલવારે અંતિમ રાઉન્ડમાં બે અંડર-70નો ભવ્ય સ્કોર બનાવીને ખિતાબ જીતી લીધો. D.P. વિશ્વ પ્રૉફેશનલ ગૉલ્ફ ટૂર ઑફ ઇન્ડિયા - PGTIની સ્પર્ધામાં ગ્રેટર નોયડાના 27 વર્ષના ખેલાડીનો આ બીજો પ્રૉફેશનલ વિજય છે. સ્પર્ધામાં તેમનો સ્કોર 10 અંડર 278નો રહ્યો હતો. સાથે જ તેમને 43 લાખ 20 હજાર રૂપિયાનો પુરસ્કાર મળતાં તેઓ PGTI ઑર્ડર ઑફ ધ મૅરિટમાં 44-મા સ્થાનથી પહેલા સ્થાન પર પહોંચી ગયા છે.

જ્યારે ઑસ્ટ્રિયાના ક્રિસ્ટોફ બ્લેયર અંતિમ તબક્કામાં ત્રણ અંડર 69નો સ્કોર બનાવીને બીજા ક્રમે રહ્યા છે.

# TRUMP---MEDIA-REPORTS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ  ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર કૃત્રિમ બુદ્ધિમત્તા- AI અને ગેરમાર્ગે દોરતા મીડિયા અહેવાલો દ્વારા ખોટા સમાચાર ફેલાવવાનો આક્ષેપ કર્યો છે. શ્રી ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાન નકલી હુમલાઓ બતાવવા AIથી બનાવેલી તસવીરોનો ઉપયોગ કરી રહ્યું છે.

તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે અમેરિકાના જહાજ અબ્રાહમ લિંકનને દરિયામાં સળગતું દર્શાવતા અહેવાલ ખોટા છે અને આ જહાજ પર કોઈ હુમલો થયો નથી.

તેમણે કેટલીક અમેરિકાની સમાચાર સંસ્થાઓ પર પણ ખોટી માહિતી ફેલાવવાનો આક્ષેપ લગાવ્યો હતો.

# DUBAI FLIGHT CANCEL

દુબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર કામચલાઉ ધોરણે રદ કરાયેલી ઉડાનો વચ્ચે એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસની આજે દુબઈ આવતી-જતી ઉડાન રદ કરવામાં આવી છે. ઉડ્ડયન કંપનીએ જણાવ્યું, ફસાયેલા પ્રવાસીઓ ઝડપથી તેમના સ્વદેશ પહોંચે તેવું તેઓ સુનિશ્ચિત કરી રહ્યા છે. એર ઇન્ડિયા એક્સપ્રેસની અબુધાબી, રાસઅલ ખૈમાહ અને શારજાહથી કાર્યકારી ઉડાન ચાલુ રહેશે.

# QATAR INDIA FLIGHTS

કતર ઍરવૅઝે 18થી 28 તારીખ સુધી મર્યાદિત સંખ્યામાં ઉડાનનું સંચાલન કરવાની જાહેરાત કરી છે. કતરમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું, ઍરલાઇન દિલ્હી, અમદાવાદ, અમૃતસર, બેંગલુરુ, ચેન્નઈ, હૈદરાબાદ, કોચી, કોઝિકોડ અને મુંબઈ સહિત ભારતીય શહેરો માટે ઉડાનનું સંચાલન કરશે.

દરમિયાન એરલાઇને મુસાફરોને નવીનતમ ઉડાનની માહિતી અને અપડેટ કરેલી સંપર્ક વિગત માટે સત્તાવાર વૅબસાઈટ અથવા મૉબાઇલ ઍપ્લિકેશન તપાસવાની સલાહ આપી છે.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે બિહાર, પૂર્વ ઉત્તરપ્રદેશ, ગંગા કિનારાના પશ્ચિમ બંગાળના વિસ્તારો, ઝારખંડ, ઓડિશા અને ઉત્તરાખંડમાં છૂટાછવાયા સ્થળોએ વાવાઝોડા સાથે કરા પડવાની આગાહી કરી છે. જ્યારે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં આવતીકાલ સુધી ભારે વરસાદની સંભાવના છે.

ઉપરાંત આગામી બેથી ત્રણ દિવસ બિહાર, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઓડિશા, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ અને ઉત્તર પૂર્વમાં વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે.